# મોડાસા ડબ્બા ટ્રેડીંગ મામલે વધુ ચારની ધરપકડ

## અત્યાર સુધી આઠ જેટલા આરોપીઓની ધરપકડ કરાઈ

મોડાસા, તા. ૩૦

થોડાક દિવસો અગાઉ મોડાસા ના માર્કેટયાર્ડ ખાતે આવેલી એક દુકાન માં થી એલસીબી પોલીસે બાતમી ના અધારે રેડ કરી ગેરકાયદેસર રીતે રમાતુ ડબ્બાટ્રેડીગ ઝડપી પાડી ૩ જેટલા આરોપીઓ ની ધરપકડ કરી ઝીણવટભરી તપાસ કરી ગઈકાલે રાત્રે વધુ ચાર જેટલા આરોપીઓ ની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

આ પકડાયેલ ચારેય લોકો માં રાહુલ જયંતીભાઈ પટેલ (રહે દુગરવાડા ) (૨) યોગેશ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

હતી ત્યારે અરવલ્લી જીલ્લા એલસીબી એ આ આરોપીઓ નીસ ઓફીસ માં થી કોમ્પ્યુટર તેમજ સોદા લખાયેલા ચોપડા અને ડાયરીઓ જપ્ત કરવામાં આવી હતી ત્યારે આ ડબ્બા ટ્રેડીંગ માં પકડાયેલ ત્રણેય આરોપીઓ નીસ એલસીબી પોલીસે કડક પુછતાછ કરી હતી અને ત્રણેય આરોપીઓની કોલ ડીટેઈલ ના અધારે અને લખાયેલ સોદાઓ ના આધારે અરવલ્લી જીલ્લા એલસીબી પી.આઈ પી.કે.પટેલે બાયડ તાલુકા ના ડેમાઈ ગામના એક કાપડ ના વેપારી ની ધરપકડ કરી હતી ત્યારે આ કેસ માં એલસીબી ધ્વારા રમેશભાઈ ભાવસાર (રહે મોડાસા) (૩) ગીરીશ નટવરલાલ શેઠ(રહે મોડાસા) (૪) હંસરાજ લભાભાઈ પટેલ (રહેમોડાસા) આ ચારેય આરોપીઓ ની ધરપકડ કરી સઘન પુછપરછ કરતાં આ ચારેફય આરોપીઓ એ પોતે આ ડબ્બા ટ્રેડીગ માં સોદા લખાયેલા હોવાનુ કબુલ્યુ હતુ આ અંગે અરવલ્લી જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે આ કેસ માં હજુયે વધુ આરોપીઓ ના નામ ખુલે તેવી શકયતાઓ અરવલ્લી જીલ્લા એલસીબી એ જણાવી હતી.

# ભાજપના મંત્રી છત્રસિંહ સોલંકી દ્વારા બાયડ મામલતદારને જાનથી મારી નાખવાની ધમકી

## નોન ક્રિમિલીયરનો દાખલો કઢાવવા બાબતે ના. મામલતદારની ફેંટ પકડી જાનથી મારી નાખવાની ધમકી આપી : ભાજપના કહેવાતા આ નેતાએ હોદ્દાનો રૂઆબ બતાવ્યો અને સરકારી કામગીરીમાં દખલ કરી

(સમીર બલોચ) મોડાસા, તા.૩૦

અરવલ્લી જીલ્લાના બાયડની મામલતદાર કચેરીમાં અરવલ્લી જીલ્લાના ભાજપના સંગઠન મંત્રી છત્રસિંહ સોલંકી જાણે કે પોતાના હોદ્દાના નશામાં મદમસ્ત બની બેઠેલા હોય અને સરકારી ઓફીસ પોતાની જાગીર હોય તેમ ગઈકાલે મામલતદાર કચેરી ખાતે નોન ક્રીમીલીયર દાખલો કઢાવા જેવી સામાન્ય બાબતે આ નેતાજીએ આખી મામલતદાર કચેરીને માથે લીધી હતી અને બીભત્સ ગાળો બોલી હતી.

અરવલ્લી જીલ્લા ભાજપમાં સંગઠન મંત્રીનો હોદ્દો ધરાવનાર અને ભુતપુર્વ બાયડ તાલુકા ભાજપા પ્રમુખ અને નાનીબા હાઈસ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ઝાંખરીયા ગામના વતની એવા છત્રસિંહ સોલંકી નામના કહેવાતા ભાજપાના નેતાએ પોતાના હોદ્દાનો રુઆબ બતાવી આ નેતાજીએ ગઈકાલે બપોરે ૧.૩૦ વાગ્યાના સુમારે બાયડ જનસેવા કેન્દ્રમાં નોનકીમીલયર અંગેનો દાખલો લેવા પહોચ્યા હતા. પરંતુ કોઈ કારણોસર આ નેતાજીને જનસેવા કેન્દ્રના ઓપરેટરો સામે વાંધો પડયો હોય તેમ જનસેવા કેન્દ્રના ઓપરેટરોને મા-બેન સુધી બીભત્સ ગાળો બોલી હતી. આ નેતાજી આટલેથી ન અટકતા તે ઈ ધરા કેન્દ્રના નાયબ મામલતદાર પંકજ પરમારની ઓફીસમાં ઘુસી ગયા હતા અને ત્યાં પહોચી નેતાજીએ પોતાનો અસલી રૂઆબ બતાવ્યો હતો અને હુ ભાજપનો સંગઠન મંત્રી છુ તેવો રૂઆબ જાળી ઓપરેટર અને નાયબ મામલતદાર જોડે જીભાજોડી પર



ઉતરી આવ્યા હતા અને આટલેથી ન અટકતા નેતાજીએ નાયબ મામલતદાર પંકજ પરમારની ફેંટ પકડી બિભત્સ ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે આ ઘટનાથી સમગ્ર મામલતદાર કચેરીમાં હોબાળો મચી ગયો હતો અને લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા. જયારે આ અંગે નાયબ મામલતદાર પંકજભાઈ પરમારે બાયડ મામલતદાર સોલંકીને આ બાબતે જાણ કરી હતી ત્યારે મામલતદારે જણાવ્યુ હતુ કે જો નેતાજી પોતે કરેલી ભુલની માફી માંગી લેતા હોય તો વાતને આગળ વધારવાની જરૂર છે પરંતુ અરવલ્લી જીલ્લા ભાજપના સંગઠન મંત્રી છત્રસીંહ સોલંકીને જાણે આ વાતનો કોઈ અફસોસ જ ના હોય તેમ આ અંગે કોઈ માફી માંગી ન હતી અને પોતે જે કર્યુ છે તેના પર કોઈ પસ્તાવો નથી અને હાલ ભાજપની સરકાર છે કોઈ મારૂ કશું બગાડી લેવાનુ નથી તેઓ રૂઆબ બતાવ્યો હતો ત્યારે આ અંગે ઈ ધરા નાયબ મામલતદારે આ અંગે ઉપરી અધિકારીઓ અને કલેકટરને આ બાબતે જાણ કરતાં અરવલ્લી જીલ્લા ભાજપના સંગઠન મંત્રી વિરૂધ્ધ બાયડ પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી.

હવે જોવુ રહયુ કે શુ બાયડ પોલીસ આ કહેવાતા ભાજપના સંગઠન મંત્રી સામે શુ પોલીસ કાર્યવાહી કરશે કે પછી રાજકીય નેતાઓની લાગવગથી આ સમગ્ર મામલાને રફેદફે કરી નાખવામાં આવશે. બાયડ તાલુકામાં લાગે છે કે અરછે દીનની શરૂઆત થઈ ગઈ હોય તેમ હવે ભાજપાના રાજમાં જો સરકારી અધિકારીઓ જ સુરક્ષીત નથી. તેમને જ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવે છે તો પ્રજાનુ શુ થશે તે એક મોટો પ્રશ્ન છે ?????

# અરવલ્લીમાં દિવેલાના ભાવોમાં તેજી આવતા ખેડૂતો હરખાયા

મોડાસા, તા. ૩૦

દિવેલાના ભાવમાં ચાલુ વર્ષે કડાકો થતા ખેડૂત વર્ગ છેલ્લા કેટલાક સમયથી ચિંતિત બન્યો હતો ત્યારે છેલ્લા ૧૫ દિવસમાં ક્વિન્ટલે ૫૦૦ રૂપિયાનો ભાવ વધારો થતા ખેડૂતો મલકાઈ ઉઠ્યા છે. આ ભાવની તેજી જોતા ખેડૂતો પણ અત્યાર સુધી સંઘરી રાખેલ દિવેલાનો જથ્થો બજારમાં ઠાલવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના ઘણાખરા ખેડૂતો રોકડિયા પાક તરીકે દિવેલાની ખેતીને પ્રાથમિકતા આપતા હોય છે ચાલુ વર્ષ દિવેલાના ભાવમાં કડાકો થતા ખેડૂતોને નુકશાન થવાના વર્તારો થયો છે. પરંતુ છેલ્લા ૧૫ દિવસમાં દિવેલાના ભાવમાં તેજી નોંધાતા ખેડૂતોમાં હર્ષ ફેલાયો છે. ક્વિન્ટલ દીઠ ૫૦૦ રૂપિયા કરતા પણ વધારે થતા જે ખેડૂતોએ દિવેલાનો પાક સંગ્રહી રાખ્યો હતો



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

તેને વેચવા માટે ખેડૂતો હવે બજારમાં દેખાઈ રહ્યા છે. આ તેજી આગામી દિવસોમાં પણ જળવાઈ રહે તેવી આશા પણ વેપારીઓ તથા ખેડૂતો સેવી રહ્યા છે. પહેલા આ દિવેલાનો ભાવ મણે ૭૦૦ રૂપિયા હતો જ્યારે આજે ૮૦૦ રૂપિયાનો ભાવ પડી રહ્યો છે.

પહેલા દિવસથી ખેડૂતો દિવેલાના ભાવને લઈ વિચારોમાં હતા અને ત્યાર બાદ વરસાદે પણ પાકને નુકશાન પહોંચાડ્યું હતુ. જેના કારણે પાકમાં ઉતારો પણ ઓછો હતો અને માલોની આવકોમાં ઘટાડો નોંધાયો હતો પરંતુ છેલ્લા ૧૫ દિવસમાં ભાવ વધવાથી માર્કેટમાં દિવેલા વેચવા માટે ખેડૂતો બજારમાં આવી રહ્યા છે અને ક્વિન્ટલે ૫૦૦ રૂપિયા ભાવ વધારો થતા વેપારીઓના મત મુજબ આ ભાવ વધારો હાલમાં ઘટતો જોવાતો નથી અને આ તેજી નજીકના દિવસોમાં વધુ જોર પકડી શકે તેવી શક્યતા પણ જણાઈ રહી છે.

દિવેલાના ભાવમાં તેજીના દિવસો આવતા ખેડૂત વર્ગ હરખાઈ ઉઠયો છે ત્યારે આગામી દિવસોમાં નિકાસ પણ ઝડપી બનવાની શક્યતાઓ પણ વધી ગઈ હોવાથી ખેડૂતો સંગ્રહેલો દિવેલાના ભાવ માટે આશાવાદી બન્યા છે અને આગામી દિવસો ખેડૂતો માટે સુવર્ણકાળ લાવશે તેવું જણાઈ રહ્યું છે.

# મોડાસામાં કાર્બોઈડથી પકવેલી કેરીઓનું ધુમ વેચાણ : તંત્ર નિંદ્રાધીન

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મુખ્યમાર્ગોએવિવિધ સ્થળોએ કાર્બોઈડથી પકવેલી કેરીઓનું ખુલ્લેઆમ ફળોના વહેપારીઓ અને ફેરીયાઓ દ્વારા ધૂમ વેચાણ કરી રહ્યા હોવા છતાં મોડાસા નગરપાલિકા તંત્ર અને સંબંધિતતંત્ર દ્વારા કાર્બોઈડથી પકવેલી કેરીઓનું વેચાણ કરનારા તત્વો વિરૂદ્ધ કોઈ કાર્યવાહિ ન કરવામાં આવતાં શહેરના નગરજનો નગરપાલિકાના અધિકારીઓએ ફળોના વહેપારીઓ-ફેરીયાઓ જોડે સાંઠગાંઠ કરી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

ઉનાળાની શરૂઆતની સાથે જ મોડાસા શહેરમાં કાર્બોઈડથી પકવેલી કેરીઓનું ધૂમ વેચાણ શરૂ થઈ ગયું છે. જેમાં ફળોના જથ્થાબંધ વેપારીઓ મોડાસા શહેરના જાહેર માર્ગો અને વિવિધ સ્થળોએ ફેરીયાઓ અને બહારથી આવેલા શહેરના જાહેરમાર્ગો પર ટ્રકોમાં કેરીઓ વેચવા ઉમટી પડેલા ફેરીયાઓ બિન આરોગ્યપ્રદ કાર્બોઈડથી પકવેલી કેરીઓનું ધૂમ વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં ફળોના જથ્થાબંધ વેપારીઓ દ્વારા વધુ નફો કમાવવાની લ્હાયમાં કેમીકલ અને કાર્બોરાઈડથી પકવેલી કેરીઓનું નગરજનોના જાહેર આરોગ્ય સાથે છેડછાડ કરવામાં આવે છે અને નગરજનોના આરોગ્ય જોખમાવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહિ કરવામાં આવતી નથી.

મોડાસા શહેરના કેમીસ્ટના જણાવ્યા અનુસાર ફળોના વેપારીઓ કેરી પકવવા ગેરકાયદેસર કાર્બોઈડનો ઉપયોગ કરી રહ્યા છે. કાર્બોઈડનો ઉપયોગ સ્વાસ્થ માટે જોખમી છે. કાર્બોઈડથી પકવેલી કેરી ખાવાથી કેન્સર સહિતના ચામડીના રોગોનું જોખમ રહેલુ છે. મોડાસા નગરપાલિકાના અધિકારીઓ દ્વારા કાર્બોઈડથી પકવેલી કેરીઓના વેપારીઓ સામે દેખાવ પુરતી કામગીરી કરવામાં આવી રહી છે. અધિકારીઓ તો ઠીક પરંતુ આમ જનતાને પણ કાર્બોઈડ પકવેલી કેરીઓનું ધૂમ વેચાણ થઈ રહ્યું હોવા છતાં ન છૂટકે આમ જનતા કાર્બોઈડથી પકવેલી કેરીઓ ખરીદવા મજબૂર બને છે. ત્યારે આજે મોડાસા નગરપાલિકાના અધિકારીઓએ છેલ્લા બે દિવસથી જાણે વાઘ માર્યો હોય તેમ ફક્ત ૩૦ કિલો બગડેલી કેરીઓ પકડી હતી જ્યારે આજે બસસ્ટેન્ડ વિસ્તારના જે.બી. ફ્રુટ માલિક દ્વારા કાર્બોઈડથી કેરીઓ પકવતી હોવાની બાતમીના આધારે છાપો મારતા કાર્બોઈડ ઝડપવાની સાથે ૫૦ કિલો કેરીઓનો જથ્થો જપ્ત કરી ૧૦૦૦ રૂ.નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## મોડાસામાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરાયું

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં ત્રિ-દિવસીય આરંભાયેલી વણથંભી વિકાસયાત્રાના આજે દ્વિતીય દિવસે સરદાર સહભાગી સિંચાઈ યોજના ચેરમેન શ્રી ગણેશભાઈ ચૌધરીએ રૂ. ૨૭૦.૭૩ લાખના વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા.

# ડીસામાં મુંબઈના 'ભંગાર'ના વહેપારીના લૂંટ કેસમાં વધુ એકની ધરપકડ

ડીસા, તા. ૩૦

ડીસા તાલુકાનાં ભોયણ ગામની સીમમાં આવેલ ગુરૂગ્રીન સોસાયટીનાં એક મકાનમાં એક માસ અગાઉ સાત જેટલા ભેજાબાજ લુંટારૂઓએ મુંબઈના 'ભંગાર'નાં વહેપારીઓને સસ્તામાં અન્યો પાસેથી સ્ક્રેપ (ભંગાર) અપાવવાની લાલચ આપી બોલાવ્યા હતા, જો કે તે બાદ આ ગેંગે વહેપારીઓને માર મારી તેમની પાસેથી રોકડ અને અન્ય ચીજવસ્તુ સહીત ૬,૯૭,૨૦૦ની કિંમતની માલમત્તા લુંટી લીધી હતી, જે બાદ આ મામલે ડીસા તાલુકા પોલીસમથકે ૭ વિરૂદ્ધ લુંટની ફરિયાદ નોંધાઈ હતી, જેમાં મોટાભાગના આરોપી ઝડપાઈ ગયા હતા જેમાં વધુ એક આરોપી ઝડપાયો છે જેને પોલીસે તપાસ હાથ ધરી છે.

એક માસ અગાઉ ડીસા પંથકમાં બનેલી આ ઘટનાની વિગત એવી છે કે મુંબઈમાં રહેતા સાહેબરાવ વેન્કત મોરે ઉંમર વર્ષ ૫૮ ભંગારની દલાલીનો ધંધો કરે છે, જેમાં ગત તા. ૧૦ માર્ચ ૨૦૧૫નાં રોજ વડોદરા ખાતે આ વહેપારી તેમના સાળાને ત્યાં મળવા આવ્યા હતા, જ્યાં બે અજાણ્યા શખ્સોએ તેમને વ્યાજબી ભાવે ભંગાર અપાવવાની વાત કરી હતી. જો કે તે બાદ આ અજાણ્યા શખ્સોએ મોબાઈલ પર સાહેબરાવ વેન્કત મોરે સાથે સંપર્ક કેળવ્યો હતો, જે બાદ આ બનન્રે શખ્સોએ ભંગાર અપાવાવના બહાને સાહેબરાવ વેન્કત મોરેને સામખ્યાલી અને તે બાદ ડીસા બોલાવ્યા હતા, જ્યાં તેમને બંધ પડેલી મિલનો ભંગાર જમીન સહીત આપવાનું જુઠ્ઠાણ ચલાવ્યુ હતુ. જો કે ભંગારના વહેપારી સાહેબરાવ વેન્કત મોરે અને તેમના અન્ય ચાર મિત્રો આ અજાણ્યા શખ્સો પર ભરોષો રાખી ડીસા નજીકના ભોયન ગામે આવેલી ગુરૂગ્રીન સોસાયટીના એક મકાનમાં આ પાંચેય પહેપારી પહોંચ્યા હતા, જો કે અગાઉથી લુંટનો ઈરાદો બનાવી બેઠેલા આરોપી બલવંત છગનજી ઠાકોર, મહેન્દ્રસિંગ કાલુસિંહ રાજપૂત, દિનેશભાઈ બાપજી, બાબુભાઈ તેમજ લાલાભાઈ અને બીજા બે



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

અજાણ્યા લુટારૂઓ એ તે બાદ પોતાનું પોત પ્રકાશ્યું હતું, અને લાકડી, ધોકા વડે આ વહેપારીઓને માર મારી ૨૦ લાખની ખંડણી માંગી સોનાના દાગીના, મોબાઈલ, ઘડિયાળ અને રોકડ રકમ સહીત કુલ રૂપિયા ૬,૯૭,૨૦૦નો મુદ્દામાલ લુંટી લીધા હતા. જેની ફરિયાદ થતા ડીસા તાલુકા પી.આઈ. રઘુવર ભદોરિયાએ એક બાદ એક એમ મોટાભાગના આરોપી ઝડપી પાડ્યા હતા જેમાં નાસતા ફરતા અન્ય આરોપી દીનેશગીરી પોપટગીરી રહે. ધનવાસી, તાલુકો-વડગામને લાખણી તાલુકાના વાસણ-વાતમ ગામેથી ઝડપી પાડી જેલ હવાલે કરેલ છે.

# છાપી, ગોળા અને પાલનપુરમાં ૪.૫૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના છાપી અને પાલનપુર તાલુકાના ગોળા તથા પાલનપુર મુકામે સાંસદશ્રી દિલીપભાઈ પંડ્યાના હસ્તે રૂ. ૪.૫૦ કરોડના ૨૦ જેટલા વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં સાંસદશ્રીએ જણાવ્યું હતું કે વિકાસપુરૂષ તરીકે સમગ્ર વિશ્વમાં નામના મેળવનાર આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં સમગ્ર દેશમાં તમામ ક્ષેત્રો અને છેવાડાના વિસ્તારો સુધી ઝડપભેર સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રી મોદીએ સત્તાના સૂત્રો સંભાળીને તરત જ નર્મદા ડેમના દરવાજા મુકવાની પરવાનગી આપતાં અને મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા તરત જ આ કામ ઝડપભેર હાથ ધરાતાં ગુજરાતની વિકાસકૂચ વેગવંતી બનશે. તેમણે કહ્યું કે આપણા રાજ્યનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ ગતિશીલ ગુજરાત અંતર્ગત વિકાસકૂચને વેગવંતી બનાવવા સરાહનીય અને સફળ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સાંસદશ્રી દિલીપભાઈ પંડ્યાએ જણાવ્યું કે સરસ્વતી નદીને પુનર્જીવીત કરવા સરકારશ્રી દ્વારા વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પાટણ-ભીલડી રેલવે લાઈન બ્રોડગેજ બનાવવાના વર્ષો જુના પ્રશ્નનું હવે નિરાકરણ લાવવામાં આવ્યુંછે. સાંસદશ્રી પંડ્યાએ કહ્યું કે સ્વચ્છતા જાળવવા આપણે જાગૃતિપૂર્વક પ્રયાસો કરીએ. દરેક ઘેર શૌચાલય બનાવવા તેમણે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અગ્રણીઓ સર્વશ્રી ગજેન્દ્રભાઈ સકસેના, શ્રી દોલતપુરી ગોસ્વામી અને તા. પંચાયતના પ્રમુખશ્રી ધનજીભાઈ સોલંકીએ પ્રાસંગીક પ્રવચન કર્યા હતા. કાર્યક્રમમાં જિ. પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી કાળુભાઈ આસેડીયા, નગરપાલિકાના પ્રમુખશ્રી હસમુખભાઈ પઢીયાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેક્ટરશ્રી ગણપતભાઈ જોષી, અગ્રણીઓ સર્વશ્રી પ્રેમજીભાઈ ચૌધરી, શ્રી પ્રવિણસિંહ રાણા, શ્રી વિજય ચક્રવર્તી, શ્રી ભગુભાઈ કુગશીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી પી.આર. રાણા, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અનુસૂયાબેન જ્હા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.પી.રાવલ સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હિન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦